# Shri Govind Guru University, Godhra
(Established Vide Gujarat Act No. 24/2015)

# શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ,ગોધરા

(ગુજરાત એકટ નં દ્વારા ૨૦૧૫/૨૪ .સ્થાપિત)
મુ.વિંઝોલ, તા.ગોધરા, જિ.પંચમહાલ-૩૮૮૭૧૩

નં.એકેડેમિક/૩૨૮૫/૨૦૨૪

તા.૨૯/૦૫/૨૦૨૪

**પરિપત્ર:** ૩૩૭૬

આથી શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, GCAS પોર્ટલ દ્વારા સ્નાતક કક્ષાના પ્રોગ્રામમાં અરજી કરવાની છેલ્લી તારીખ ૨૮/૦૨/૨૦૨૪ હતી, જે ૦૨/૦૬/૨૦૨૪ સુધી લંબાવવામાં આવે છે, જેની જાણ સંબંધિત વિદ્યાર્થીઓને કરવા વિનંતી છે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
વિંઝોલ (ગોધરા)

પ્રતિ,

- શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.
- સંબંધિત વિદ્યાર્થીઓ તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી સારું.

Gmail

Dr.Anil Solanki <registrar@sggu.ac.in>

---

**GCAS પોર્ટલ મારફત સ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨ જૂન, ૨૦૨૪ સમય રાત્રે ૧૧.૫૯ સુધી લંબાવવામાં**

1 message

---

**INFO GCAS** <info-gcas@gujgov.edu.in>

Wed, May 29, 2024 at 2:26 PM

## પ્રેસનોટ

તા. ૨૯-૫-૨૦૨૪

ગુજરાત રાજ્યની ૧૫ સરકારી યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓના અનેક હિતોને ધ્યાનમાં રાખી, બી.એ., બી.કોમ., બી.એસસી., બી.બી.એ., બી.સી.એ. સહિત અનેક પ્રોગ્રામ અને અન્ય પ્રોગ્રામમાં સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ) પોર્ટલ મારફત પ્રવેશ અંગે રજિસ્ટ્રેશન પ્રક્રિયા તા. ૧-૪-૨૦૨૪થી શરૂ કરેલ હતી. વિદ્યાર્થીઓ વેકેશન કે અન્ય કારણોસર તા. ૨૮-૫-૨૦૨૪ને છેલ્લી તારીખ સુધીમાં ૪,૩૯,૮૬૫ વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવેલ છે અને તે પૈકી ૨,૬૩,૧૧૫ વિદ્યાર્થીઓએ ફી ભરેલ છે. અને હજુ પણ વિદ્યાર્થી રજિસ્ટ્રેશન/ફી ભરી શક્યા નથી. આ અંગે વિવિધ યુનિવર્સિટીઓ, કોલેજો અને વિદ્યાર્થીઓની રજૂઆત શિક્ષણ વિભાગને મળેલ હતી. આ બાબતે ગુજરાત રાજ્યના માન. શિક્ષણમંત્રીશ્રી સમક્ષ રજૂઆત કરતા વિદ્યાર્થીઓના વ્યાપક હિત અને શિક્ષણની અગત્યની બાબત ધ્યાને લઈ તેમની સૂચના અનુસાર હવે GCAS (ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ) પોર્ટલ મારફતે ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૨ જૂન, ૨૦૨૪ સમય રાત્રે ૧૧.૫૯ સુધી લંબાવવામાં આવે છે.

તમામ વિદ્યાર્થીઓ અને વાલીઓને નમ્ર વિનંતી કે આ તારીખ સુધીમાં અચૂક ફોર્મ તથા ફી ભરવાની પ્રક્રિયા પૂરી કરે. સરકાર દ્વારા જાહેર થયેલ કેલેન્ડર મુજબ વિદ્યાર્થીઓનો અભ્યાસક્રમ જૂનના અંતમાં શરૂ કરવાનો હોઈ આ તારીખ કોઈ પણ સંજોગોમાં લંબાવવામાં આવશે નહીં, તે ધ્યાને લેવા વિનંતી.

thanks

You're receiving this message because you're a member of the SGGU group from KNOWLEDGE CONSORTIUM OF GUJARAT. To take part in this conversation, reply all to this message.

View group files | Leave group | Learn more about Microsoft 365 Groups